






## બનાસકાંઠાના વડગામમાં યોજાયો અલ્પેશ ઠાકોરનો જનતા દરબાર

ક્ષત્રીય ઠાકોર સેના દ્વારા ગુજરાતભરમાં દારુના અડ્ડાઓ પર જનતા રેડ કરવામાં આવી ત્યારે હવે ઓબીસી એસટી એસસી એકતા મંચના અધ્યક્ષ અલ્પેશ ઠાકોરે જનતા દરબારની શરુઆત કરી હતી.સૌથી પહેલો જનતા દરબાર બનાસકાંઠા જિલ્લાના વડગામ ખાતે કરવામાં આવી હતી વ્યસન મુક્તિ અભિયાન પછી ઓબીસી એસસી એસટી એકતા મંચ અધ્યક્ષ અલ્પેશ ઠાકોરે જનતા દરબારની શરુઆત કરી છે.જેની સૌથી પહેલી સભા બનાસકાંઠાના વડગામ તાલુકા મથક ખાતે કરવામાં આવી હતી.સભામાં અલ્પેશ ઠાકોરે રોજગારી અને પાણી જેવા મુદ્દાઓને લઈ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા.બીજી તરફ સ્થાનિક કોંગ્રેસના ધારાસભ્ય મણીભાઈ વાઘેલા હાજર ન રહેતા તેમને પણ અલ્પેશ ઠાકોરે બાનમાં લીધા હતા.બીજી તરફ અલ્પેશ ઠાકોરે જણાવ્યુ હતુ કે આવનાર સમયમાં મુખ્યમંત્રીના મત વિસ્તારમાં પણ જનતા દરબાર કરવામાં આવશે

## ભિલોડા-ઈડર માર્ગ પર આડેધડ ૪૦ જેટલા બમ્પ બનાવી દેતાં વાહનચાલકો મુશ્કેલીમાં

ભિલોડા,તા.૧

અરવલ્લી જીલ્લાના ભિલોડાથી સાબરકાંઠાના ઈડરના ૩૦ કિલોમીટર થાય પણ ૩૦ કિલોમીટરમાં આશરે ૪૦ જેટલા બમ્પ આડેધડ બનાવી દેતાં અનેક વાહનચાલકો પારાવાર મુશ્કેલીમાં મુકાયા છે. ઘણા લાંબા સમયથી વાહનચાલકો આ બમ્પથી કંટાળી ઈડર થી ભિલોડા આવવાની બદલે ઈડરથી હિંમતનગર થઈ ભિલોડા આવે છે. કેટલાક બની બેઠેલા ખાદીધારીઓના ઈશારે આ બમ્પ મુકાયા હોવાનું લોકમુખે ચર્ચાય છે.

આ બમ્પના કારણે કેટલાય બાઈક ચાલકો બમ્પ કુદી જતાં મોટું નુકશાકન કરી ચુક્યા છે. આ રોડ ઉપર બમ્પના કારણે એક શિક્ષીકા બમ્પ કુદી જતાં ઘટનાસ્થળે જ મૃત્યું થયાનું પણ જાણવા મળ્યું છે. તે પછી ડાંક્ટરોની મોટામાં મોટી સુવિધા ઈડરમાં છે. ઘણા બિમાર લોકો રાજસ્થાનથી ઈડર તરફ આવતા હોય છે. એટેકના તેમજ પ્રસૂતિના કેસ પેશન્ટો આ બમ્પના કારણે બિમાર લોકો અને સગર્ભા મહિલાઓ પારાવાર મુશ્કેલીમાં મુંકાય છે. ભિલોડા થી ઈડરનો રોડ ખાડાખડીયા ખખડધજ થઈ ગયો છે.એમાંય કેટલાક વળાંક છે તેમજ કેટલાક સમયથી નાડાઓનું કામકાજ શરૂ થયું છે તેમાં જે ડાયવર્જન અપાયા છે તે પણ બિલકુલ અસ્તવ્યસ્ત રીતે માટી પુરી ડાયવર્જન આપ્યા છે તેમાં પણ મોટા મોટા પથ્થરો પડ્યા હોય છે. વાહનચાલકોને મુશ્કેલી પડે છે.આ બાબતે લાગતા-વળગતા અધિકારીઓ ધ્વારા બીનઉપીયોગી તમામ બમ્પ દુર કરી રોડનું સમારકામ કરી ઘટતી વ્યવસ્થા કરવા ઠેરે-ઠેરથી લોકમાંગણી ઉભી થઈ છે. રસ્તાનું સમારકામ જલદી થાય તેવું પણ લોકો ઈચ્છી રહ્યા છે.

# બનાસકાંઠામાં થયેલી પૂર હોનારતની સહાયથી હજુ પણ ખેડૂતો વંચિત

## અસરગ્રસ્તોની સહાય અન્ય લોકોએ ચાઉં કર્યાનું માહિતી અધિકારમાં ઘટસ્ફોટ

પાલનપુર, તા. ૧

સરહદી બનાસકાંઠા જીલ્લામાં ગત વર્ષે ભયાનક પૂર આવતા હજ્જારો ખેડૂતોની જમીનો ધોવાઈ ગઈ તેમજ લાખોનું નુકશાન થવાને પગલે સરકાર દ્વારા ૩૦૦ કરોડથી વધુની સહાય કરાઈ હતી જો કે હવે આ સહાયમાં લાખો રૂપિયાના ભ્રષ્ટાચાર થયો હોવાની વિગતો ખુલતા સમગ્ર સરકારી તંત્રમાં ખળભળાટ સર્જાવા પામ્યો છે.

બનાસકાંઠા જીલ્લામાં ગત વર્ષે એક સાથે ૪૦ ઈંચ વરસાદ ખાબકતા ભયાનક પૂર આવ્યુ હતું જેના પગલે હજ્જારો ખેડૂતોની જમીનો ધોવાઈ ગઈ તેમજ લાખોનું નુકશાન થયુ હતું જો કે સરકારે પણ તાત્કાલિક ધોરણે ૩૦૦ કરોડથી વધુની સહાય કરી સ્થાનિક ખેડૂતોને વ્હારે આવી હતી. કરોડોની જમીનનું ધોવાણ થયું હતું તેમજ હજ્જારો મકાન ધરાસાઈ થયા હતા તેમજ ૫૦થી વધુ માનવ મૃત્યુ પણ થયા હતા જો કે આ સમય દરમિયાન ગુજરાતના મુખ્યપ્રધાન સહીતનો કાફલો ઉતારી પડ્યો હતો તેમજ હર કદમ છેવાડાના માનવી સાથે રહેવાની વાત કરાઈ હતી જો કે આજે વિનાશક પૂર ને ૯ થી ૧૦ મહિના થવા છતાં આજે પણ કેટલાય માનવીઓ સહાય વિહોણા છે. એમાં પણ સરકારી ચોપડે સહાય ફાળવાઈ હોવા છતા સરકારી બાબુઓ, સ્થાનિક આગેવાનો તેમજ વચેટિયા દ્વારા રકમને અન્યના ખાતામાં ફાળવણી કરી રકમ બારોબાર થવા પામી છે.

છેલા ૬ મહિનાથી આ મુદ્દે આરટીઆઈમાં મેળવેલી માહિતીના આધારે બનાસકાંઠાના દિયોદરના ડુંચકવાડા ગામથી સમગ્ર કૌભાંડ ખુલવા પામ્યું છે। જ્યાં ખેડૂતોની સહાય અન્ય સ્થાનિકોને ફાળવી દેવાઈ છે તેમજ આ કૌભાંડમાં વિધવા સહીત સરકારી રસ્તાઓ નામે પણ ખોટી સર્વે કરી રકમને બારોબાર કરાયાનું



ખુલવા પામ્યું છે. એક તરફ પોતાની જમીનમાં લાખોનું નુકશાન થયું હોવા છતાં લોકો સરકારી સહાય માટે કાગડોળે રાહ જોઈ રહ્યા છે તો બીજી તરફ સ્થાનિક આગેવાનો અને વચેટિયાઓ ભેગા મળી લાખોનું કૌભાંડ આચર્યુ છે. આજે પણ સ્થાનિક લોકો જમીનની સહાય મેળવવા માટે દરરોજ સરકારી ઓફીસના ધક્કા ખાય છે તેમજ સરકારી બાબુઓ પણ હવે તો જે થાય તે કરી લેવાની ધમકી આપતા સ્થાનિકોમાં વહીવટી તંત્ર પ્રત્યે ભારોભાર રોષ પેદા થવા પામ્યો છે. એક તરફ જમીન ગુમાવી તેમજ આર્થિક રીતે પાયમાલ થયા તો બીજી તરફ પોતાની જ જમીન પર સરકારે કરેલી સહાય અન્યને મળતા લોકોમાં રોષ પેદા થયો છે.

બનાસકાંઠામાં કુદરતી આફત સામે વહીવટીતંત્ર પાંગળું બન્યું હતું જો કે સહાયની બાબતમાં તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે અન્ય જીલ્લાના સરકારી કર્મચારીઓનો સહયોગ મેળવી સર્વે કરી તુરત જ સહાય આપવાની શરૂઆત કરી હતી જો કે સરકાર દ્વારા ઉતાવળે સહાય કરવાનો નિર્ણય કેટલાય ખેડૂતો માટે આફતરૂપ સાબિત થયો છે. માત્ર બનાસકાંઠાના દિયોદર તાલુકાના એક જ ગામ ડુંચકવાડામાં ૧૬૦થી વધુ ખેડૂતો વચેટિયા તેમજ સ્થાનિક આગેવાનોની નિયતનો ભોગ બયા છે જો કે આ એક જ ગામનો આંક ૫૦ લાખથી વધુની કિંમત બારોબાર થયાનું સાબિત કરી આપે છે તો બનાસકાંઠા જીલ્લા માટે આ એકડો ખુબ જ મોટો પુરવાર થઈ શકે તેમાં છે. જો કે હાલમાં તો ખેડૂતો માત્ર સહાય ન મળે તો કઈ નહિ પરંતુ સાચો ન્યાય મળે તેમ ઝંખી રહ્યા છે. એક તરફ જીલ્લામાં લાખોનું કૌભાંડ ખુલવા પામ્યું છે ત્યારે આ મુદ્દે સરકારી અધિકારીઓ આ મુદ્દે ઠોસ પગલા ભરવાની વાત કરી રહ્યા છે.

જીલ્લામાં ૩૨૨ કરોડની સહાયમાં જે તે અધિકારી સામે ફરિયાદ સાચી સાબિત થશે તો કડક પગલા ભરાશે તેમજ ખેડૂતોનો સાચો ન્યાય આપવાની વાત કરાઈ રહી છ. બનાસકાંઠા જીલ્લામાં પૂરના પગલે કરોડોનું નુકશાન ગયું તેમજ સરકારે તાત્કાલિક ધોરણે સહાય પણ કરી જો કે આ સહાય જે તે ખેડૂત સુધી પહોચી નથી તેમજ જે તે વ્યક્તિને પહોચી તે સાચા ખેડૂતો નથી ત્યારે વહીવટી તંત્ર આ મુદ્દે કેટલા અંશે ઠોસ પગલા ભરશે એ તો સમય જ બતાવશે.

# હિમતનગરની ગ્રોમોરમાં સ્ટુડન્ટ પોલીસ કેડેટ્સનો સમર કેમ્પ યોજાયો

## જિલ્લાના ૧૩૨ સ્ટુડન્ટ પોલીસ કેડેટ્સોએ ભાગ લીધો

સાબરકાંઠા જિલ્લા પોલીસ તંત્ર દ્વારા હિંમતનગરના ગ્રોમોર કેમ્પસ ખાતે યોજાયેલ છ દિવસીય




સમર કેમ્પની બુધવારે જિલ્લા પોલીસવડાની ઉપસ્થિતિમાં પૂર્ણાહૂતિ કરાઈ હતી. આ કેમ્પમાં જિલ્લાના ૩૭ યુવતીઓ સહિત ૧૩૨ સ્ટુડન્ટ પોલીસ કેડેટ્સોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કેમ્પ દરમિયાન તાલીમ સહિત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો તથા સામાજિક ઉત્થાન માટે જાણકારી આપવામાં આવી હતી.

આ અંગે કેમ્પ ઓફીસર પી.એસ.આઈ. પી.જી.ચાવડા અને કે.કે.રાઠોડના જણાવાયા મુજબ ગ્રોમોર કેમ્પસમાં તા.૨૭ મે થી ૧જૂન દરમિયાન યોજાયેલ સ્ટુડન્ટ પોલીસ કેડેટ્સ સમર કેમ્પમાં અંધશ્રધ્ધા નિવારણ, સામાજિક સમસ્યાઓના નિવારણ, મોક પાર્લામેન્ટ, બંધારણ અંગે જાણકારી, ડીઝાસ્ટર મેનેજમેન્ટ, વ્યસનમુકિત તથા ગામની મુલાકાત લઈ વિવિધ માહિતીથી અવગત કરવાનું આયોજન કરાયુ હતું. ઉપરાંત કેમ્પ દરમિયાન પીટી પરેડ સહિત વિવિધ રમતોનું પણ આયોજન કરાયુ હતું. બુધવારે યોજાયેલ પૂર્ણાહૂતિ કાર્યક્રમમાં કેડેટ્સોએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરીને સમર કેમ્પને સંભારણાં સમાન ગણાવ્યો હતો. આ કેમ્પમાં ઉત્કૃષ્ઠ દેખાવ કરનાર કેડેટ્સોને જિલ્લા પોલીસવડા પી.એલ.માલ, ડી.વાય.એસ.પી. તેજલ પટેલ, એ.ડી.શ્રીવાસ્તવ, પી.આઈ. ડી.વી.ડોડીયા, પી. એસ. આઈ. ડી.ડી.પરમાર, જી. વી. ગોહિલ અને સી.વી.નાયકની ઉપસ્થિતિમાં સન્માનિત કરવામાં આવ્યા હતા.



પાટણ સ્થિત બીએપીએસ સ્વામીનારાયણ મંદિરના બે વર્ષે પૂર્ણ થતા ભગવાન સ્વામી નારાયણને અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. આ ધાર્મિક પર્વે પૂજા-પાઠ, સતસંગ સભાનું આયોજન પણ કરવામાં આવ્યુ હતુ. જેમાં મોટી સંખ્યામાં ધર્મપ્રેમી જનતા જોડાઈ હતી.

# મેઘરજના ભેમાપુર ગામે પીવાના પાણી માટે ફાંફા

## પાણીની શોધમાં લોકોએ બે કિલોમીટર સુધી જવું પડે છે : પાણીની તંગીના કારણે ઢોરઢાંખર વેચવા મજબુર : સ્વજલધારા યોજનાનો પણ ગામમાં ફિયાસ્કો

મોડાસા, તા. ૧

મેઘરજ તાલુકાના ભેમાપુર ગામે માણસો અને પશુઓને પીવાના પાણીની ગંભીર કટોકટી સર્જાતા લોકો પાણી માટે અહીં તહી ભટકી રહ્યા છે. ભેમાપુર ગામે પાણીની અછતના લીધે ભર ઉનાળે લોકોને પાણીની તંગીને લઈને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે અને ધોમધખતા તાપમાં મહિલાઓને પાણીની શોધમાં બે બે કિલોમીટર સુધી દૂર દૂર ભટકવું પડે છે.

પાણીની સમસ્યા હલ કરવા માટે ગામમાં સરકાર દ્વારા સ્વજલધારા યોજના અમલમાં મુકાઈ હતી. પરંતુ આ યોજનાનો ફિયાસ્કો થયો હોય એમ સ્વજલધારામાં બનાવેલી પાણીની ટાંકીઓ તુટેલી હાલતમાં ખાલીખમ ધુળ ખાઈ રહી છે. જ્યારે પાણીની મોટરો પણ કેટલીક જગ્યાએ બળેલી નજરે ચડે છે. છતાં પણ તંત્ર પાસે આ મોટરો રિપેરીંગ કરવા માટે સમય જ ન હોય એમ મોટરોનું સમારકામ કરવામાં આવતુ નથી. જેના લીધે તંત્રની આળશનો ભોગ ભેમાપુર



ગામની પ્રજા બની છે. આ ઉપરાંત ગામમાં આવેલા મોટાભાગના હેન્ડપંપો શોભાના ગાંઠીયા સમાન બની ગયા છે. અને મૃતપાય અવસ્થામાં ઉભા છે. તો કેટલાક હેન્ડપંપોમાં પુરતા પ્રમાણમાં પાણી આવતું ન હોવાથી ગ્રામજનોને પુરતુ પાણી મળી ન રહેતુ હોવાથી પાણી માટે વલખાં મારવા પડે છે. ગ્રામજનો દ્વારા પાણીના પ્રશ્નો અંગે વારંવાર રજુઆત કરવા છતાં તંત્ર દ્વારા પાણી મુદ્દે ભેમાપુર ગામને રામભરોસે મુકી દેવામાં આવતા તંત્રના વાંકે લોકો પોતાની રોજી રોટી સમાન ઢોરઢાંખર વેચવા મજબુર બની ગયા છે.

# અખીલ ભારતીય સંત સમિતિના અધ્યક્ષ અવિચલદાસજીને આંતકવાદી ધમકી

નડિયાદ,તા.૧

આણંદ જિલ્લાના સારસા ગામે સંત કૈવલ મંદિરનાં ગાદીપતિ અને અખીલ ભારતીય સંત સમિતીનાં રાષ્ટ્રીય અધ્યક્ષ પૂ. અવિચલદાસજી મહારાજને આતંકવાદીઓના નામે જાનથી મારી નાંખવાની ધમકી તેમજ મંદિરને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતાં બે પત્રો મળતાં આ અંગે તેઓએ પોલીસ વડાને જાણ કરતાં ચકચાર મચી જવા પામી છે. ઘટનાની જાણ થતાં જ પોલીસ અધિકારીઓનો કાફલો સારસા ગામે દોડી આવ્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર સારસા ગામે સંતકૈવલ સંપ્રદાયનાં ગાદીપતિ અને અખીલ ભારતીય સંત સમાજના અધ્યક્ષ પૂજ્ય અવીચલદાસજી મહારાજને બે અંતરદેશીય પત્રો મળ્યાં છે. જેમાં એક પત્ર પર સંત કૈવલ મંદિર અને બીજા પત્ર પર સંત કૈવલ મંદિર અવીચલદાસજી મહારાજ હિન્દીમાં લખાયેલું છે. તેમજ બંને પત્રો હિન્દી ગુજરાતી મીકસ ભાષામાં લખાયેલી છે. આ પત્રમાં અવીચલદાસજી મહારાજ કો હમ જાનસે માર ડાલેંગે, જો હમ કહે વોહી કરના હોગા, હમને આણંદ કે પાસ આયા હુવા ગાંવ સારસા દેખા હે, સબકુછ દેખ લીયા હે, સોને કા મંદિર પણ હમને દેખા હે, હમને મંદિર કા પ્લાન બના દિયા હૈ. કહાં સે કહાં જાને કા, પોલીસ કુછ કર નહીં શકતી હે. પોલીસ હમારી હે, સુરત મેં દેખા કયાં હુવા હે, જો હુંવા હે, પ્રવીણ તોગડીયા કા ભત્રીજા કા કયાં હુવા હે, બુરાં હાલ હોગા, મહારાજ કો માર ડાલેંગે, હમ જૈશે મહંમદ કે આદમી હે, હમ ગોધરાકાંડ કો ભુલા નહીં હે, દો દિન મેં મંદિર ભી ઉડા શકતે હે, ઓર મહારાજ કો ગાડી મેં આવેં ગે તો ગાડી મેં ઉડા દેંગે, તો રસ્તે મેં કૌન આયે ગા, મોદીજી આપકો બચા નહીં પાયેંગે. તેમજ ઈલ્લાલહ મુર્ઝમ તેમજ અવીચલદાસજી મહારાજ કો હમ મારડાલેંગે, હમને સબ કુછ દેખા હે, હમ મંદિરમાં આયે થેં, કહાં સેં આનેકા રાસ્તા હમને દેખા હે, ઈસ લીયે હમ તુંમ કો માર ડાલેંગે, સુરત મેં વો તોગડીયા કા કૈસા હુવા, હમ ખાલીસ્તાની હે, હમ બદલા લે તો હે, ૨૦૦૧ મેં ભડકા તે થેં, પોલીસ કુછ નહીં કર શકતી, હમ અલ્લાહ કા નામ લેકર આયેં ગેં, મંદિર ભી ઉડા દેંગે, ઓર તુમકો ભી ઉડા દેંગે. આપકે પાસ રક્ષણ ભી નહીં લેકીન આપ કયાં કર પાઓં ગેં. લી. પાકિસ્તાન જીંદાબાદ તેમજ ફીર સારસા કા હાલ કૈસા હોગા તુમ દેખને વાલેં નહીં. ખત્મ કર દેને વાલે હૈ. તેમ હિન્દી ગુજરાતી ભાષામાં આ પત્રો લખવામાં આવેલા છે. અને પત્રના પ્રારંભમાં સલામ માઅલેકુમ લખેલું છે. તેમજ જૈશે મહંમદ ખુદા હાફીઝ પાકિસ્તાન જીંદાબાદ જેવાં શબ્દો લખેલાં છે. તેમજ કેટલાક શબ્દો વંચાય તેવા નથી.તેમજ એક પત્ર પરને વાળીને તેનાં પર મુસ્તાકઅલી લખેલું છે. અવીચલદાસજી મહારાજને જાનથી મારી નાખવાની ધમકી આપતા આ પત્રો મળતાં જ મંદીરનાં વહીવટકર્તા હિતેષ ઉર્ફ હિતાર્થ પટેલ ખંભોળજ પોલીસ તેમજ આણંદ પોલીસ અધિક્ષક સૌરભસીંગને જાણ કરી હતી. જેથી સૌરભસીંગ તેમજ ખંભોળજ પોલીસનો કાફલો સારસા ગામે દોડી ગયો હતો અને મંદિર પર પોલીસ બંદોબસ્ત તૈનાત કરી દીધો હતો. પોલીસે આ અંગે ખંભોળજ પોલીસ મથકે પત્ર લખી ધમકી આપનાર શખ્સો વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. તેમજ પોલીસે પત્રો લખનાર શખ્સની તપાસ આરંભી છે. સત કૈવલ મંદીર સારસાનાં વહીવટકર્તા હિતેશ પટેલ ઉર્ફે હિતાર્થ સુરેશભાઈ પટેલ મૂળ રહે.હઠીપુરા તા.બાયડ,જિ.અરવલ્લી હાલ રહે.સત કૈવલ એપાર્ટમેન્ટ સારસાએ નોંધાવેલી ફરીયાદ મુજબ બન્ને અંતરદેશીય પત્રો કાલે મળ્યા હતા.પરંતુ તેઓ કામ અર્થે અમદાવાદ ગયા હોઈ અને રાત્રે પરત આવતા તેઓને આ પત્રો અન્ય પત્રો સાથે મંદીરનાં મેનેજર હેમંત પંડયાએ આપ્યા હતા,પરંતુ તેઓ થાકી ગયા હોઈ તેઓએ રાત્રે પત્રો વાંચ્યા વિના તીજોરીમાં મુકી દીધા હતા અને આજે સવારે આઠ વાગ્યે તેઓએ બન્ને પત્રો વાંચતા તેઓ ચોંકી ઉઠયા હતા અને આ અંગે અવીચલદાસજી મહારાજને ટેલીફોનીક વાત કર્યા બાદ તેઓએ ખંભોળજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી તેમજ એક પત્ર પર આણંદની મુખ્ય પોષ્ટ ઓફીસનો તેમજ બીજા પત્ર પર સુરતની પોષ્ટઓફીસનો સિક્કો લાગેલો હોવાનું જણાવ્યું હતું.